# બપોરે અચાનક જ વાતાવરણ પલ્ટાયું

**વંટોળ સાથે વરસાદી ઝાપટુ વરસ્યું : બે દિવસના અંતે મોસમના મિજાજ પલવાર માટે બદલાયો મોડી સાંજે પણ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો**





ગાંધીનગર તા ૧૮

શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદ બંધ છે. વરસાદી વાદળો વિખેરાયા બાદ આકરો તાપ પડે છે. જયારે આજે બપોરે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. ભારે પવન સાથે ઉઠેલા ધુળિયા વંટોળ વચ્ચે વરસાદી ઝાપટુ વરસતા શહેરના નવા સેકટરોમાં પાણીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. જો કે વાતાવરણ પલ્ટાના અંતે ફરી ઉઘાડ નિકળ્યો હતો. પલવાર માટે વંટોળની અસરથી જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ.

શહેરમાં લાંબા સમયથી આકાશમાં વરસાદી વાદળો ઘેરાયેલા જોવા મળતા હતા જયારે વરસાદી વાદળોની સાથે રોજબરોજ વરસાદ પણ હાજરી પુરાવતા સતત ભીંજારાના માહોલથી જનજીવન પ્રભાવિત હતુ. જો કે છેલ્લા બે દિવસથી આકાશમાં સુરજદાદાએ દેખા દેતા ભાદરવાનો તાપ પણ આકરો થયો હતો. શહેરીજનો આકરા તાપના લીધે દિવસે ઉનાળા જેવી આકરી ગરમી પણ અનુભવી રહ્યા છે. અલબત્ત વાદળો વિખેરાયા બાદ છેલ્લા બે દિવસથી ઉઘાડ નિકળતા નગરજનોએ પણ હાંશકારો અનુભવ્યો છે. જયારે આકરા તાપની સાથે આજે બપોરે અચાનક જ વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. સુર્યપ્રકાશની હાજરીમાં આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા જયારે થોડી વાર માટે ગોરંભાયેલા વાદળો સાથે અચાનક

● અનુસંધાન પાન-૭ પર

# એચએસઆરપી નંબર પ્લેટ લગાવાની મુદત ૧૬ ઓકટોબર સુધી લંબાવાઈ

**વાહનોમાં નંબર પ્લેટ ઝડપથી ફીટ થાય તે માટે આર ટી ઓ કચેરીને સુચના**

ગાંધીનગર તા ૧૮

ટ્રાફિકના નવા નિયમનના અમલીકરણ મામલે પણ મહીનાની મુદત લંબાવાઈ છે. ત્યારે હેલમેટ , પીયુસી અને એચ એસ આર પી નંબર પ્લેટનો અનુલક્ષીને પણ મુદત લંબાવાતા વાહનચાલકોને હાંશકારો થયો છે. રાજય સરકારે એચ એસ આર પી નંબર પ્લેટ લગાવવાની મુદત એક માસ લંબાવી દેવામાં આવી છે. વાહનોમાં આગામી તા ૧૬ ઓકટોબર સુધીમાં એચ એસ આર પી નંબર પ્લેટ લગાવવી ફરજિયાત રહેશે. જયારે આ મામલે ઝડપી કામગીરી થાય તેવી સુચના પણ આર ટી ઓ કચેરીને આપવામાં આવી છે.

રાજય સરકાર દ્વારા મોટર વ્હીકલ અધિનિયમ ૨૦૧૯નુ કડક અમલીકરણ કરવાનુ નક્કી કરવામાં આવ્યુ છે. જયારે આ દરમિયાન વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવાનુ પણ ફરજિયાત હોવાથી હાલ વાહનચાલકોને આ માટે અગવડ વેઠવી પડે છે. હાલમાં ઘણાં બધા વાહનોમાં નંબર પ્લેટ લગાવાની બાકી છે. જયારે નાગરિકોની આ હાલાકીને ધ્યાને લઈ સરકાર દ્વારા એચ એસ આર પી નંબર પ્લેટ લગાવાની મુદત વધારી દેવામાં આવી છે. એચ એસ આર પી નંબર પ્લેટ લગાવાના મામલે એક મહીનાની મુદત લંબાવામાં આવી છે. આગામી તા ૧૬ ઓકટોબર સુધીમાં એચ એસ આર પી નંબર પ્લેટ લગાવાની રહેશે. આ અન્વયે વાહન વ્યવ્હાર કમિશ્રનરની કચેરી દ્વારા રાજયની તમામ આર ટી ઓ કચેરીને એચ એસ આર પી ના સ્થાનિક પ્રતિનિધિઓના સંકલનમાં રહીને તેમના કાર્યક્ષેત્રમાં આ કામગીરી ઝડપથી થાય જુના વાહનોમાં પણ એચ એસ આર પી નંબર પ્લેટ ઝડપથી ફીટ કરવામાં આવે તેવી સુચના આપવામાં આવી છે. જયારે આ કામગીરી માટે આર ટી ઓ કચેરી ખાતે લેવાતા નિયત દર સિવાય વધારાના નાણા જેમ કે સર્વિસ ચાર્જ, સર્વિસ ટેકસ વગેરેના નામે ચુકવવાના રહેતા નથી તેમ પણ વાહન વ્યવહાર કમિશ્નર કચેરીના ખાસ ફરજ પરના અધિકારીએ જણાંવ્યુ છે.

# જિલ્લાની પ્રાથમિક શાળામાં નવરાત્રી બાદ પ્રથમ સંત્રાત મૂલ્યાંકન યોજાશે

**૧૦ ઓક્ટો.થી ૧૮ ઓક્ટો. દરમ્યાન મૂલ્યાંકન થશે : ૧.૫૦ લાખ બાળકોનું મૂલ્યાંકન થશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પ્રથમ સત્રાંત મૂલ્યાંકન ૧૦મી ઓક્ટો.થી શરૂ થશે અને જે ૧૮ ઓક્ટો. સુધી ચાલશે. જિલ્લાની ૬૦૦થી વધુ પ્રાથમિક શાળાઓમાં એક સાથે આ મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે. તંત્ર દ્વારા હાલ આ બાબતે તદ્દન ધીમીગતિએ તૈયારીઓ આરંભાઈ છે. હાલ જિલ્લામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શનો તાલુકાવાર ચાલી રહ્યા છે. જિલ્લાકક્ષાનુ ગણિત વિજ્ઞાન પ્રદર્શન પણ આ માસના અંત સુધીમાં યોજાઈ જાય તેવા સંકેતો છે. આ માસના અંતિમ સપ્તાહથી નવરાત્રી પર્વનો પણ પ્રારંભ થવાનો છે. અર્થાત્ નવરાત્રીની સમાપ્તી પછી તુરત જ બાળકોનું પ્રથમ સત્રાંત મૂલ્યાંકનની પ્રક્રિયા હાથ ધરાશે. આ વાતને લઈ બાળકો અને વાલીઓ પણ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે.

જિલ્લામાં ૧.૫૦ લાખથી વધુ બાળકો જિલ્લાની સરકારી પ્રા. શાળામાં અભ્યાસ કરી રહ્યા છે. ધો. ૧ અને ૨ ના બાળકોનું મૌખિક મૂલ્યાંકન થશે જ્યારે ૩ થી ૮ના બાળકોનું લેખિતમાં મૂલ્યાંકન કરવામાં આવશે. આ માટેનો સત્તાવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

# મનપા દ્વારા સેક્ટર-૨૫માં ૩ હોસ્ટેલ બિલ્ડીંગ સીલ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં રહેઠાણ વિસ્તારમાં ચાલતી ગેરકાયદે હોસ્ટેલો સામે તંત્રએ કરેલી લાલ આંખને પગલે આજે સે. ૨૫માં ત્રણ હોસ્ટેલ સીલ કરવામાં આવેલ છે.

તંત્રની ટીમો દ્વારા સે. ૨ માં પાંચ અને સે. ૨૫માં આજે વધુ ૩ એમ કુલ ૮ હોસ્ટેલ આજ સુધીમાં સીલ કરવામાં આવેલ છે.

દરમ્યાન મનપાના સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ આજે મ્યુનિ. કમિશ્નરને પત્ર પાઠવી અને વ્હાલા-દવલાંની નીતિથી તંત્ર દૂર રહે તેમ સ્પષ્ટ જણાવ્યુ છે. ગઈકાલે સે. ૧માં કેમ આ અંગે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી તે સમજી શકાતુ નથી.

ચાવડાએ તંત્રને સ્પષ્ટ ચીમકી આપી છે કે દરેક માટે કાયદો સમાન રીતે લાગુ કરવામાં આવે કોઈને પણ અન્યાય થાય નહિ તે જોવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## ૧૧ મકાનોમાં હોસ્ટેલને લઈ કરાયેલ દબાણો દૂર કરાયા

સેક્ટર-૨૫માં રહેણાંક વિસ્તારમાં ચાલી રહેલ હોસ્ટેલના બિલ્ડીંગોમાં થયેલ ગેરકાયદે દબાણને પણ આજે મનપાના તંત્રએ દૂર કર્યા છે. મળતી વિગતો પ્રમાણે મનપાની દબાણ શાખાએ સે. ૨૫માં ૧૪ જેટલા મકાનોમાં તપાસ હાથ ધરી હતી જે પૈકી ૧૧ મકાનોમાં ગેર કાયદે દબાણો ઉભા કરાયાનું જણાતાં તે દૂર કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા દબાણ અને ગેરકાયદે હોસ્ટેલના સંચાલનને લઈ કરેલી લાલ આંખ ટોક ઓફ ધી ટાઉન બની છે.

# શહેર જિલ્લામાં છેલ્લા ૮ દિવસમાં ૧ હજાર વાહનોને પીયુસી આપવામાં આવ્યુ

ગાંધીનગર તા ૧૮

ટ્રાફિક નિયમના મુદ્દે નવા નિયમો તેમજ દંડ વસુલી માટે સરકારે નવી નીતીનો અમલ કરવાનુ આયોજન કર્યુ છે. આવા સંજોગોમાં નવા નિયમોના અમલીકરણ માટે વાહનચાલકો પણ સજ્જ બની રહ્યા છે. શહેર જિલ્લામાં વાહનોની સંખ્યા સામે પીયુસી સેન્ટરોની સંખ્યા ઓછી છે. જેના લીધે રોજ સવાર થતા જ સેન્ટરો પર વાહનોની કતાર જોવા મળી રહી છે. છેલ્લા ૮ દિવસ દરમિયાન ૧ હજાર જેટલા વાહનોને પીયુસી આપવામાં આવ્યા છે.

ટ્રાફિક નિયમનના મામલે નવી દંડ નિતી અપનાવવા માટે ટ્રાફિકનુ તંત્ર તૈયાર થયુ છે. જો કે સરકારે આ મામલે વિવિધ નિયમનના અમલ માટે વાહનચાલકોને રાહત થાય તે માટે મુદત લંબાવી છે. બીજીતરફ વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ , હેલ્મેટ અને પીયુસી સહીતના મામલે વાહનચાલકોએ પારાવાર હાલાકી વેઠવી પડી રહી છે. પીયુસી સેન્ટરો પર રોજબરોજ વાહનોની કતાર જોવા મળી રહી જોવા મળે છે. જયારે પીયુસી સર્ટી માટે એક વાહન પાછળ અંદાજિત પાંચ થી સાત મિનિટનો સમય જતો હોવાથી ઘણીવાર વાહનચાલકો કલાકો સુધી કતારમાં ઉભા રહે ત્યારે પીયુસી સર્ટીફિકેટ મેળવવાનો વારો આવે છે. શહેર

**છેલ્લા ચાર પાંચ દિવસથી પીયુસી માટે રોજ સવાર થતા સેન્ટરો પર લાંબી કતાર જોવા મળી રહી છે**

છે. વાહનોની સંખ્યા સામે શહેર જીલ્લામાં પર્યાપ્ત પીયુસી સેન્ટર નથી જેના પરિણામે સવારથી સાંજ સુધી આ સેન્ટરો પર કતાર જોવા મળી રહી છે. આવા સંજોગોમાં નવા નિયમના અમલ માટે ફેરફાર થતા પીયુસી માટે પણ વાહનચાલકોને મુદત લંબાવી રાહત આપવામાં આવી છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી પીયુસી સેન્ટરો પર રોજબરોજ વાહનોની કતાર તેમજ જિલ્લામાં છેલ્લા આઠ દિવસમાં ૩૧ હજાર જેટલા વાહનચાલકોને પીયુસી આપવામાં આવ્યુ છે. આજે પણ સરકારે નવા નિયમનોના અમલમાં ફેરફાર કરી મુદત લંબાવી દીધી છે. પીયુસીની જેમ એચ એસ આર પી નંબર પ્લેટ મામલે પણ આગામી તા ૧૬ નવેમ્બર સુધીની મુદત લંબાવવામાં આવતા વાહનચાલકોને રાહત મળી છે.


# ચતુર્થ વાર્ષિક શ્રદ્ધાંજલિ



**મર્હુમ અહેમદખાન નુરમહંમદખાન નાગોરી**
રિટાયર્ડ એડીશનલ કલેક્ટર, ગુજરાત રાજ્ય.
સ્વર્ગવાસ તા. ૧૯/૯/૨૦૧૫

રડી પડે છે આંખ અમારી જોઈ તસવીર તમારી,
દરેક પ્રસંગે ખટકશે અમને ખોટ તમારી.
જીવન એવું જીવી ગયા કે મૃત્યુ શરમાઈ ગયું,
સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યુ નહિ.
હસતો ચહેરો રાખી ઓચિંતી વિદાય લીધી.
સૌના હૃદયના સંભારણા દિલમાં રાખી ગયા.

આંખો હજી નિહાળે છે તમને,
અંતર હજી પોકારે છે તમને.
સ્મરણ થાય છે ત્યારે
મન મૂકીને રડાવે છે અમને

અલ્લાહ આપને જન્નત અતા
ફરમાવે તેવી પ્રાર્થના અમારી

મો. ૯૮૨૮૫ ૯૫૮૨૨, ૯૮૨૫૦ ૫૭૬૯૦
**સમસ્ત નાગોરી પરિવાર**




...છેક સચિવાલય સુધી... - શહેરના રાજમાર્ગો પર તો રખડતા ઢોરની તસવીરો પ્રસિદ્ધ કરી કરીને અખબારો થાક્યા... અને પ્રજા પણ... પણ હવે તો તંત્રવાહકોને જાગવાની નોબત આવી ચૂકી છે એવી આ તસવીર છે... જુના સચિવાલય એટલે કે ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલની કેન્ટની પાસેની લોનમાં ભેંસોએ કેવો અડ્ડો જમાવ્યો છે... કઈ સિક્યોરીટી, કયું તંત્ર, કોણ રખેવાળ, કોની જવાબદારી વિગેરે વિગેરે અનેક પ્રશ્નાર્થો મુંઝવણમાં મૂકે એવા છે એ વાત સાચી પરંતુ સત્તાની કચેરીઓના પ્રાંગણમાં ગાયો - ભેંસો રખડતી થાય એ તો હદ થાય છે... જુના સચિવાલયમાં સિક્યોરીટી ગાર્ડ છે કે નહિ એ બીજો પ્રશ્ન છે... અને કદાચ ગાર્ડ ન હોય તો પણ રખડતા ઢોરને આ રીતે આરામથી ટહેલવા દેવાની પરવાનગી કોણે આપી એ ચિંતાનો અને તપાસનો વિષય છે...

# દિશા બેઠકની કાર્યવાહી નોંધ ત્રણ ભાષામાં તૈયાર કરાઈ

ગાંધીનગર, તા. ૧૮

તાજેતરમાં કેન્દ્રના ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીતભાઈ શાહના અધ્યક્ષસ્થાને મળેલ ''દિશા''ની બેઠકની કાર્યવાહી નોંધ હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવી છે.

દિશાની બેઠકમાં કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની સમીક્ષા કરવામાં આવે છે. આ બેઠક અત્યંત મહત્વની હોવાથી પહેલીવાર ત્રણેય ભાષામાં તેની કાર્યવાહી નોંધ તૈયાર કરવામાં આવી છે.

આ બેઠકમાં જિલ્લાના ત્રણ સાંસદો, પાંચ ધારાસભ્યો તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ અને પંચાયત પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજનાઓની અમલવારી હોવાથી રિપોર્ટ ત્રણેય ભાષામાં તૈયાર કરવામાં આવ્યો છે. આ બેઠકમાં સભ્યોને અપાયેલ સાહિત્ય પણ બે બાષામાં તૈયાર કરવામાં આવ્યુ હતુ તેથી કોઈ મહત્વના ફેરફાર થયા છે તેમ કહી શકાય નહિ તેવુ તંત્રના સૂત્રોનું માનવુ છે.

# શિષ્યવૃત્તિ રકમો ડીબીટી માધ્યમથી જમા કરાવાઈ

અમદાવાદ, તા.૧૮

રાજયના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી આર્થિક અને સામાજિક રીતે પગભર થઈ શકે તે હેતુથી રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત અમદાવાદ જિલ્લાના અનુસૂચિત જાતિના ૩૮૬૩ વિદ્યાર્થીઓને ૮૪.૬૩ લાખની શિષ્યવૃત્તિ-સહાય આજે ગાંધીનગર ખાતેથી ઓનલાઈન ડી.બી.ટી. મારફતે તેમના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવી છે


**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR.FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com